# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૭૪-A તા.૨૦-૧૨-૨૦૨૪**

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- SATCOM (BISAG) દ્વારા શાળાઓમાં બાળકો સાથે તેમના અધિકારો અંગે જાગૃતિ માટે પ્રસારણ બાબત.

સંદર્ભ :- ક્રમાંક : GSCPCR/EERA Jie-file/400/2024/0053 ગુજરાત રાજય બાળ અધિકાર સંરક્ષણ આયોગ તારીખઃ ૧૯-૧૨-૨૦૨૪ નો પત્ર

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગુજરાત રાજય બાળ અધિકાર સંરક્ષણ આયોગ દ્વારા રાજયની તમામ શાળાઓમાં બાળકો સાથે તેમના અધિકારો અંગે સેટકોમ દ્વારા વાર્તાલાપ કરવાનું નક્કી કરેલ છે. આ બાબતે જણાવવાનું કે "વીર બાળ દિવસ" નિમિત્તે પ્રથમ પ્રસારણ તા- ૨૬/૧૨/૨૦૨૪ ગુરૂવારથી શરૂ કરવામાં આવશે અને ત્યારબાદ દરેક માસના ત્રીજા શનિવારે શાળા સમય દરમ્યાન (સવારની સ્કૂલ માટે સમય- ૧૦.૦૦ કલાકે અને બપોરની સ્કૂલ માટે ૧૨-૦૦ કલાકે, જાહેર રજા સિવાય) વંદે ગુજરાત-૧ ચેનલ પર પ્રસારણ કરવામાં આવનાર છે. તો આ પ્રસારણ નિહાળવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૨૦-૧૨-૨૦૨૪

ડૉ. એલ.ડી.દેસાઈ<br>શાસનાધિકારી

Letter No: GSCPCR/0010/12/2024 Approved Date: 20-12-2024

ક્રમાંક- GSCPCR/EERAJ/e-file/400/2024/0053
Registry
ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ
બ્લોક નં૦:-૧૯, ત્રીજો માળ,
ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
તારીખ: ૧૯-૧૨-૨૦૨૪

પ્રતિશ્રી,
(૧) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, પ્રાથમિક શિક્ષણની કચેરી, ગાંધીનગર.
(૨) નિયામકશ્રી (શાળાઓ), કમિશ્નર શાળાઓની કચેરી, ગાંધીનગર.

વિષય:- SATCOM(BISAG) દ્વારા શાળાઓમાં બાળકો સાથે તેમના અધિકારો અંગે જાગૃતિ માટે પ્રસારણ બાબત.

સંદર્ભ:- (૧) સી.પી.સી.આર એક્ટ-૨૦૦૫ની કલમ-૧૩ અન્વયે મળેલ સત્તાની રૂએ.
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૪/૧૦/૨૦૨૪ના જાહેરનામા ક્રમાંક- GL/ 59/ 2024/SJED/ PUR/e-file/17/2023/0682/CHH.

શ્રીમાન/ મહોદયા,

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ-૨, અન્વયે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના જાહેરનામાથી શ્રીમતી પ્રતિભાબેન વી.ગજ્જરની નિમણૂંક ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના અધ્યક્ષશ્રી તરીકે કરવામાં આવેલ છે. ભારત સરકારના ધ કમીશન ફોર પ્રોટેકશન ઓફ ચાઈલ્ડ રાઈટસ એક્ટ, ૨૦૦૫ (૨૦૦૬ નો ૪ થો) ની કલમ-૧૭ અન્વયે ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગની રચના તા- ૨૮/૦૯/૨૦૧૨ ના રોજ કરવામાં આવેલ છે. ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગને કલમ ૧૩ અન્વયે સત્તાઓ એનાયત થયેલ છે અને તે અન્વયે કાર્યો કરવાના રહે છે. આ કાયદા મુજબ આયોગને બાળકોને સબંધીત તમામ બાબતોમાં મોનીટરીંગની કાર્યવાહી કરવાની રહે છે. અને જરૂર જણાયે ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ દ્વારા જરૂરી કાર્યવાહીની ભલામણો સરકારશ્રી તેમજ સબંધિત વિભાગને કરવાની રહે છે.

ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગનાં અધ્યક્ષશ્રીએ રાજ્યની તમામ શાળાઓમાં બાળકો સાથે તેમના અધિકારો અંગે સેટકોમ દ્વારા વાર્તાલાપ કરવાનું નક્કી કરેલ છે.

આ બાબતે જણાવવાનું કે પ્રથમ પ્રસારણ <u>વીર બાળ દિવસ તા- ૨૬/૧૨/૨૦૨૪</u> નીમીતે ગુરૂવારથી શરૂ કરવામાં આવશે અને ત્યારપછી દરેક માસના ત્રીજા શનીવારે શાળા સમય દરમિયાન (સવારની સ્કુલ માટે સમય- ૧૦.૦૦ કલાકે અને બપોરની સ્કુલ માટે ૧૨-૦૦ કલાકે, જાહેર રજા સિવાય) વંદે ગુજરાત-૧ ચેનલ પર પ્રસારણ કરવામાં આવનાર છે. 'A'

ઉક્ત બાબતે રાજ્યની તમામ શાળાઓના વિદ્યાર્થીઓ આ કાર્યક્રમના ભાગીદાર બને તે માટે જરૂરી સુચના આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

સચિવ
ગુજરાત રાજ્ય બાળ અધિકાર
સંરક્ષણ આયોગ
ગાંધીનગર.

<u>નકલ રવાના જરૂરી કાર્યવાહી અર્થે</u>

(૧) મહાનિર્દેશકશ્રી, બાયસેગ-એન, ગાંધીનગર.....માન.અધ્યક્ષશ્રીના રેકોર્ડીંગને તા-૨૬/૧૨/૨૦૨૪ ના રોજ વંદે ગુજરાત ચેનલ-૧ પર સવારે ૧૦-૦૦ કલાકે અને બપોરે ૧૨-૩૦ કલાકે પ્રસારણ કરવા જરૂરી કાર્યવાહી હાથ ધરવા વિનંતી છે.

(૨) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય બાળ સંરક્ષણ સોસાયટી......તમામ સી.સી.આઈમાં બાળકો આ કાર્યક્રમ જુએ તે માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવા વિનંતી છે.

RTE.

Urgent.

DDRTE. સૂચના આપવામાં

A' મુજબ તમામ DPEOs, DEOs & AOs ને સૂચના આપવી.

20/12